# 3009N620

Candidate's Seat No : ________

**B.A. Semester-6 Examination**
**GUJ 314/B Gujarati**
*આદર્શ એકાંકી*

**Time : 2-30 Hours]** **September-2024** **[Max. Marks : 70**

સૂચના : (૧) દરેક પ્રશ્નનાં ગુણ સમાન છે.
(૨) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

૧ એકાંકી સાહિત્યસ્વરૂપના લક્ષણોની ચર્ચા કરો. ૧૪

અથવા

૧ એકાંકી સાહિત્યસ્વરૂપના ઉદ્ભવ અને વિકાસની વિગતે ચર્ચા કરો. ૧૪

૨ 'આદર્શ એકાંકી'ઓમાં પસંદ કરેલ એકાંકીઓની સ્વરૂપલક્ષી મૂલ્યાંકન કરો. ૧૪

અથવા

૨ 'માની દીકરી' અને 'સોયનું નાકું'ને આધારે જયંતિ દલાલને એકાંકી કાર તરીકે મૂલવો. ૧૪

અથવા

૩ નોંધ લખો (ગમે ત બં) : ૧૪

(અ) 'બાથટબમાં માછલી'નું વિષયવસ્તુ જણાવો.

(બ) 'હુકમ માલિક'ની પાત્રસૃષ્ટિ નોંધ લખો.

(ક) 'કડલાં' એકાંકીનું કથાવસ્તુ જણાવો.

(ડ) 'દીકરાની મા' એકાંકીનું વિષયવસ્તુ લખો.

૪ સંક્ષેપીકરણ કરો (ગમે તે બે) : ૧૪

(અ) માણસને સુધરવું હોય તો સારા વિચારની જરૂર છે, પણ સારા વિચાર ભેગા કરવા કરતાં સારી ચિજો ભેગી કરવાનું વલણ હાલના માણસોના મનમાં વધુ દેખાય છે. જેટલી ઝડપથી વિજ્ઞાનની શોધ આગળ વધી રહી છે, એટલી ઝડપથી નીતિ અને સંસ્કાર આગળ વધતાં નથી. હાલના કાળમાં ધર્મની ભાવના ઓછી થયેલી છે, તેથી લક્ષ્ય વગર સાધનને ફળ માની બેસાય છે. સ્વરાજ સાધન છે. અને બ્રહ્મજ્ઞાન ફળ છે, તેને બદલે સ્વરાજને ફળ માનવામાં આવે છે. અને સાધનમાં મૂડીવાદને મજૂરીવાદ માનવામાં આવે છે. જો લોકો સત્ય અને અસત્યનો વિચાર ન કરી શકે તો તે દેશનું એક જાતનું કમભાગ્ય જ છે.

(બ) સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે. એને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી યોજનાપૂર્વક વ્યવસ્થિત રીતે ખર્ચે છે, જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારી વેડફે છે. પરિણામે એકને સંતોષ ને સફળતા મળે છે. બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતાં થતી બચત એ જ તમારી મિલકત ગણાય. સમયની બાબત પણ એવી જ છે, તેની બચત એ જ કમાણી છે. નવો સમય કોઈને મળી શકતો નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે, તેની પાસે વધુમાં વધુ સમય જમા થાય. તેની પાસે શક્તિ પણ જમા થાય સમય અને શક્તિ ભેગાં થાય એ પછી ન કરી શકે? એ એ ધારે તે કરી શકે.

(ડ) વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો મુખ્યત્વે કરીને વિદ્યાથી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે, એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી તેજ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે. પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા

નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહિ, મેળવવની વસ્તુ મેળવે નહિ, તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા, પણ જવાને તેઓ પુણ્ય માને છે. એથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે, જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં હાકી કાઢી તેનો નાશ કરે છે. આખા દેશમાં સાધના માર્જિત ચિત્તશક્તિ જેમ જેમ મલિન થતી ગઈ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ તે વાત કબૂલ કરવી પડશે.

(૪) નદીને જો કોઈ ઉપમાં આપી શકાય તો તે માતાનીજ નદી કાંઠે રહીએ એટલે દુષ્કાળની બીક તો રહેજ નહિ. મેઘરાજા દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય.નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનારા લોકોની જહો જલાલીએ નદીને જ આભારી હોય. સાચેજ નદી એ જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ ફરતાં હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે? શહેરનું મેલું વાતાવરણ ક્યાં અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનારા દેવતા છે. જો ગુરુને વંદન કરવું ઘટે તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

૫ નીચના પ્રશ્નોમાંથી ગમે તે સાત પ્રશ્નોના વિકલ્પમાંથી સાચો જવાબ આપો : ૧૪

(૧) 'સાપના ભારા' એકાંકી સંગ્રહ કયા સાહિત્યકાર પાસેથી પ્રાપ્ત થયો છે?
(અ) કૃષ્ણલાલ શ્રીધરણી (બ) ઉમાશંકર જોશી (ક) યશવંત પંડ્યા (ડ) ક. મા. મુનશી

(૨) 'વંઠેલા' એકાંકી સંગ્રહના સર્જક કોણ છે?
(અ) ચં ચી. મહેતા (બ) ક. મા. મુનશી (ક) ઝવેરચંદ મેઘાણી (ડ) ર. વ. દેસાઈ

(૩) 'લોમહર્ષિણી' એકાંકીના લેખકનું નામ જણાવો.
(અ) બટુભાઈ ઉમરવાડિયા (બ) યશવંત પંડ્યા (ક) ઈન્દુલાલ ગાંધી (ડ) ઉમાશંકર જોશી

(૪) નીચેનામાંથી કયા એકાંકીના લેખક યશવંત પંડ્યા નથી?
(અ) ઝાંઝવા (બ) શરતના ઘોડા (ક) મદનમંદિર (ડ) ભાવોભવ

(૫) 'પાંખ વિનાનાં પારેવા અને બીજા નાટકો' એકાંકી સંગ્રહના સર્જકનું નામ જણાવો.
(અ) હરીન્દ્ર દવે (બ) ગુલાબદાસ બ્રોકર (ક) શિવકુમાર જોશી (ડ) જયંતી દલાલ

(૬) બાથટબમાં માછલી એકાંકી સંગ્રહના લેખક કોણ છે?
(અ) રમેશ શાહ (બ) લાભશંકર ઠાકર (ક) શ્રીકાંત શાહ (ડ) રમેશ શાહ

(૭) 'નો પાર્કિંગ' એકાંકી સંગ્રહના લેખક કોણ છે?
(અ) રમેશ પારેખ (બ) ચિનુ મોદી (ક) સતીષ વ્યાસ (ડ) મફત ઓઝા

(૮) ગુજરાતી સાહિત્યમાં એકાંકી સાહિત્ય સ્વરૂપનો સૌ પ્રથમ કયા સાહિત્યકારે પ્રયોગ કર્યો?
(અ) બટુભાઈ ઉમરવાડિયા (બ) ચિનુ મોદી (ક) મધુરાય (ડ) ધીરેન્દ્ર મહેતા

(૯) 'ડિમ લાઈટ' એકાંકી સંગ્રહના લેખક કોણ છે.
(અ) મધુરાય (બ) ઉમાશંકર જોશી (ક) બટુભાઈ ઉમરવાડિયા (ડ) રઘુવીર ચૌધરી

(૧૦) પૌરાણિક ગ્રંથનો આધાર લઈ કયું એકાંકી રચાયું છે.
(અ) હુકમ માલિક (બ) અશ્વત્થામાં (ક) મદન મંદિર (ડ) ઝાંઝવા

(૧૧) 'કાહે કોયલ શોર મચાવે' એકાંકીની નાયિકા કોણ છે?
(અ) માધવી (બ) માલતી (ક) દયાકુંવરી (ડ) દમયંતી

(૧૨) 'હુકમ માલિક' કેટલા દશ્યોમાં લખાયેલું છે?
(અ) પાંચ (બ) ચાર (ક) ત્રણ (ડ) બે

Date

University Exam April 2024 N620 -3 Mark -70

Gujarati CE 314/A

પેપરનું નામ - વસંત વિલાસ – ફાગુ Time – 2.30

---

પ્રશ્ન. 1 ફાગુ સાહિત્ય સ્વરૂપ સમજાવી, તેના લક્ષણોની ચર્ચા કરો. 14

અથવા

પ્રશ્ન. 1 ફાગુ સાહિત્ય સ્વરૂપનો ઉદ્ભવ અને વિકાસ દર્શાવી જૈનેતર કવિઓના પ્રદાનની ચર્ચા કરો.

પ્રશ્ન. 2 'વસંત વિલાસ' ફાગુમાં આલેખાયેલ સંયોગ અને વિપ્રલંભ શૃંગારનું વર્ણન કરો. 14

અથવા

પ્રશ્ન. 2 ' 'વસંત વિલાસ' ફાગુમાં કોઈ સઘન કે સંકુલ કથાવસ્તુ નથી, એક અનામી યુગલની આસપાસ વસંતગાન અને શૃંગારનું રસવિધાન રચ્યું છે'. – આ વિધાનની સમીક્ષા કરો.

પ્રશ્ન 3 વિવેચનાત્મક નોંધ લખો. ( કોઈ પણ બે ) 14

1. 'વસંતવિલાસ'ફાગુમાં પ્રકૃતિ.
2. 'વસંતવિલાસ'ની ભાષા
3. 'વસંતવિલાસ'માં અલંકાર
4. 'વસંતવિલાસ'માં સમાજદર્શન

પ્રશ્ન.4 અ માંથી કોઈ એક પેરેગ્રાફનું સંક્ષેપીકરણ કરો. 7

1. સંખ્યાબહુલતાને કારણે શિક્ષક શિષ્ય વચ્ચેનો પ્રત્યક્ષ સંપર્ક ઝાઝો સંભવિત રહેતો નથી. પ્રામાણિકપણે એ કબૂલ કરવું રહ્યું કે શિક્ષકો પણ પોતાના જ્ઞાનના સામર્થ્યથી ઝાઝો પ્રભાવ પાડે એવા રહ્યા નથી. એમાં દરેક યુનિવર્સિટીમાંથી થોડા સુખદ અપવાદો મળી રહે. આ વિષય શીખવો હોય તો અમુક વિદ્યાપીઠના અમુક અમુક અધ્યાપક પાસે જ જવું જોઈએ એવી જે પરિસ્થિતિ પશ્ચિમમાં છે તેવું કશું આપણે ત્યાં ખાસ નથી. મોટા ભાગના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કેમ્પસમાં, વિદ્યાપ્રાપ્તિની પ્રવૃત્તિમાં સંડોવાયા વિના, અહીંતહીં ભટકતા અને ઈતર પ્રવૃત્તિમાં રાચતા દેખાય છે. વિદ્યા પ્રાપ્તિના પુરુષાર્થથી વંચિત રહી ગયેલો વિદ્યાર્થી અનેક અનિષ્ટો ઊભાં કરવામાં હાથારૂપ બને છે. પરીક્ષા પસાર કરવા પૂરતું એ ધંધાદારી દૃષ્ટિએ ચાલતા વર્ગોમાંથી 'હેન્ડ આઉટ્સ' ને રૂપે મેળવી લે છે.આ તૈયાર સામગ્રીના જોરે જ એ પરીક્ષા આપતો હોય છે.આથી વડીલો પર વધારાનો આર્થિક બોજો આવે છે, એટલું જ નહિ, યુનિવર્સિટીના કેટલાક શિક્ષકો સીધી કે આડકતરી રીતે આવી ધંધાદારી પ્રવૃતિ સાથે સંકળાયેલા હોય છે.ત્યારે બીજા ઘણાં અનિષ્ટો પોષાય છે. આ બધું યુનિવર્સિટીના મૂળ ઉદ્દેશને વિફળ બનાવવામાં મોટો ભાગ ભજવે છે. – સુરેશ જોષી

2. અહિંસા એ માત્ર આચરણનો સ્થૂળ નિયમ નથી, પણ એ મનની વૃત્તિ છે. જે વૃત્તિમાં ક્યાંય પણ દ્વેષની ગંધ સરખી રહે નહી તે અહિંસા. એવી અહિંસા સત્યના જેટલી વ્યાપક છે. એવી અહિંસાની સાધના થયા વિના સત્યની સિદ્ધિ થવી અશક્ય છે. માટે સત્ય એ બીજી રીતે જોઈએ તો અહિંસાની પરાકાષ્ઠા જ છે. પૂર્ણ સત્ય અને પૂર્ણ અહિંસામાં ભેદ નથી છતાં સમજવાની સગવડ માટે સત્યને સાધ્ય અને અહિંસાને સાધન ગણ્યું છે.સત્ય અને અહિંસા સિક્કાની બે બાજુઓની જેમ જ એક સનાતન વસ્તુની બે બાજુ જેવી છે. ઈશ્વર પ્રેમસ્વરૂપ છે એમ જે અનેક ધર્મોમાં કહેવામાં આવ્યું છે, તે પ્રેમ અને અહિંસા જુદાં નથી. પ્રેમનું શુદ્ધ વ્યાપક સ્વરૂપ તે અહિંસા. જે પ્રેમમાં રાગ કે મોહની ગંધ આવે છે તે અહિંસા ન હોય. જ્યાં રાગમોહ હોય ત્યાં દ્વેષનું બીજ પણ હશે જ. પ્રેમમાં ઘણીવાર રાગદ્વેષ જોવામાં આવે છે. માટે તત્ત્વવેત્તાઓએ 'પ્રેમ' શબ્દ ન વાપરતાં, 'અહિંસા' શબ્દ યોજીને તે પરમ ધર્મ છે એમ કહ્યું છે. અહિંસામાં તીવ્ર કાર્યસાધક શક્તિ રહેલી છે એમાં રહેલી અમોઘ શક્તિનું હજુ પૂર્ણ સંશોધન થયું નથી. ' અહિંસાની નિકટમાં સર્વ ઝેરવેર શમી જાય છે' એ સૂત્ર પોથીમાંનું રીંગણું નથી, પણ ઋષિનું અનુભવવાક્ય છે. – મો.ક. ગાંધી

P.T.O

N 620-4

પ્રશ્ન.4 બ. માંથી કોઈ એક પેરેગ્રાફનું સંક્ષેપીકરણ કરો. 7

1. કવિતાનું ઉપાદાન શબ્દ છે. શબ્દને બે ગુણ છે : અવાજ અને અર્થ. શબ્દ એ કેવળ અવાજ કે કેવળ અર્થ નથી. શબ્દ એ અર્થમય અવાજ, અવાજમય અર્થ છે. અન્ય જીવો પશુપંખી, જંતુઓને પણ અવાજો હોય છે પણ એ અવાજો શબ્દો નથી, જ્યારે મનુષ્યના અવાજો શબ્દો છે, કારણ કે મનુષ્યના નિશ્ચિત અવાજ-એકમોમાં સમાજે સર્વસંમતિથી, સર્વસ્વીકૃતિથી નિશ્ચિત અર્થોનું આરોપણ કર્યું છે. કવિતાનું ઉપાદાન શબ્દો છે. કવિતા શબ્દની કળા - Verbal art છે. શબ્દને કારણે જ કવિતા અન્ય કળાઓથી ભિન્ન છે; સંગીતથી પણ ભિન્ન છે, કારણ કે સંગીતમાં અવાજો છે પણ અર્થો નથી. સંગીત અવાજોની કળા છે. આપણે જ્યારે વ્યવહારમાં શબ્દો બોલીએ છીએ ત્યારે બોલનારના મુખમાંથી એક પછી એક અવાજ સાંભળનારના કાનમાં પહોંચે છે અને સાથે સાથે એના મનમાં એ નિશ્ચિત અવાજોમાં, અવાજોના એકમોમાં બોલનાર અને સાંભળનાર જે સમાજના સભ્યો છે તે સમાજે સર્વસંમતિથી, સર્વસ્વીકૃતિથી નિશ્ચિત અર્થોનું આરોપણ કર્યું છે તે અર્થોનો બોધ થાય છે. પણ કવિતા એ કળા છે. એથી કવિતાના શબ્દનો શબ્દના અવાજ અને અર્થનો વ્યવહારમાં એ શબ્દનો, એ શબ્દના અવાજ અને અર્થનો જે પ્રકારનો મહિમા છે એથી કંઈક વિશેષ, કંઈક અન્ય મહિમા છે. એથી કવિતાના શબ્દનો, વ્યવહારમાં એ શબ્દનો છે એથી કંઈક વિશેષ, કંઈક અન્ય અર્થબોધ થાય છે. પણ કવિતાના શબ્દનો આ કંઈક વિશેષ, કંઈક અન્ય અર્થબોધ વ્યવહારમાં એ શબ્દનો જે અર્થ છે એ અર્થ દ્વારા જ ન અન્યથા થાય છે એ સ્મરણમાં રહેવું જોઈએ. – નિરંજન ભગત

2. માણસ શોધમાં છે એક પવિત્ર જગ્યાની. જ્યાં એને પરમ શાંતિ મળે, શાતા મળે, આધિ, વ્યાધિ અને ઉપાધિથી મોક્ષ મળે. અજ્ઞાન અને અણસમજના અંધકારમાં અટવાતા તેને પ્રકાશના એક એવા પવિત્ર થાનક સુધી,તીર્થ સુધી પહોંચવું છે જ્યાં એને જીવન ભરેલું ભરેલું લાગે,અર્થપૂર્ણ લાગે, કૃતાર્થ લાગે. એવા સ્થાનની શોધમાં એ મસ્જિદમાં જાય છે ને મંદિરમાં જાય છે. કાબા, કર્બલા, મક્કા જાય છે તો કાશી, બદ્રી, કેદાર અને દ્વારકા જાય છે.પણ ક્યાંય એના જીવને શાતા નથી, જંપ નથી કારણ કે, અણસમજના અંધકારમાં એ અટવાય છે. ને અંતે મા ચાલી જતાં, એકાએક મારૂપી જ્યોતિ એના જીવનમાં વિલાઈ જતાં એને અહેસાસ થાય છે કે ખરેખર તો જીવનનો પરમ પવિત્ર શાતાપૂર્ણ, શાંતિપ્રદ પ્રકાશ તો મા પાસેથી મળતો હતો. જીવનના બધા પાઠ, ઊંડી મમતા, સ્વાર્થરહિત પ્રેમ અને કાળજી તો મા પાસેથી મળતાં હતાં. જીવનને કૃતાર્થ કરનાર ને અર્થપૂર્ણ બનાવનાર પ્રકાશ તો મા પાથરતી હતી. મા જ જ્યોતિધામ હતી કે જેની શોધમાં એ વરસોથી હતો. કોઈક શ્રવણને કે કોઈક ગણપતિજીને આ વાતની પહેલેથી ખબર પડી જાય છે ખરી. બાકી ‘બાળક બોલે અક્ષર પહેલો, બા, બા, બા’ એમ જાણનાર માણસ બાને જ વિસારી દે એ કેવી વિધિની વિચિત્રતા છે ? ‘ ગોળ વિના જેવો કંસાર, મા વિના તેવો સંસાર’ એવી ખબર મા ગયા પછી જ પડે એ કેવું દુઃખદ ! ‘મા તે મા, બીજા બધા વગડાના વા’ એ કહેવત જાણનાર માણસ એ પણ જાણે છે કે ‘ મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે’. એટલે સાચું જ કહેવાયું છે કે ‘ જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી’ !

પ્રશ્ન 5. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર યોગ્ય વિકલ્પ પસંદ કરી આપો. ( કોઈ પણ સાત ) 14

૧. ફાગુ કયા સમયનો સાહિત્યપ્રકાર છે? ( અ.અર્વાચીન બ. મધ્યકાલીન ક. આધુનિક ડ. સર્વકાલીન )

૨. ‘વસંતવિલાસ’ ફાગુના કર્તા કોણ છે? ( અ. ભાલણ બ. અજ્ઞાત ક. જૈન કવિ ડ. પ્રેમાનંદ )

3. ફાગુનો અર્થ વસંતોત્સવ કોણે કર્યો હતો? ( અ.નાકર બ. હેમચંદ્રાચાર્ય ક. કે.હ.ધ્રુવ ડ. વિજયરાય વૈદ્ય )

૪.‘વસંતવિલાસ’ની ભાષા કઈ છે? ( અ. હિન્દી બ.શુદ્ધ ગુજરાતી ક.ઓલ્ડ વેસ્ટર્ન રાજસ્થાની ડ. માગધી )

૫ “વસંતવિલાસ’ ચમકચમક થતી ચાંદરણી જેવું કાવ્ય છે એવું કોણે કહ્યું”?

( અ. વિજયરાય વૈદ્ય બ. કે.હ.ધ્રુવ ક.ઉમાશંકર જોશી ડ. માતાપ્રસાદ ગુપ્ત)

N620-5

૬. 'પહિલઉં સરસતિ અરચિસુ રચિસુ વસંતવિલાસુ
વીણિ ધરઈ કરિ દાહિણિ હંસલઉ જાસુ' પંક્તિમાં કોની સ્તુતિ ગાવામાં આવી છે?-
( અ.ગણપતિ બ. સરસ્વતી ક. બ્રહ્મા ડ. સદગુરૂ )

૭. 'વસંતવિલાસ'માં વન નગરનો રાજા કોણ છે? ( અ. પથિક બ. મદન ક. ચંદ્રગુપ્ત ડ. સિદ્ધરાજ )

૮. વિરહીણી નાયિકાને પ્રિયતમના શુભ શુકન થતાં કયા પક્ષીની ચાંચને સોને
મઢવાનું વચન આપે છે ? ( અ. રાજહંસ બ.કાગડો ક. મોર ડ. પોપટ )

૯. 'વસંતવિલાસ'ને આરંભે કઈ ઋતુનું વર્ણન છે? ( અ.વર્ષા બ. વસંત ક. ગ્રીષ્મ ડ. હેમંત )

૧૦. 'આમ નાનું પણ આ કાવ્ય તત્કાલીન ભાષાભૂમિકાનો એક ઉચ્ચકોટિનો નમૂનો આપે છે ...'
- આ વિધાન કોનું છે? ( અ. કે.હ. ધ્રુવ બ. કે.કા. શાસ્ત્રી ક. કે.બી.વ્યાસ ડ. હરિવલ્લભ ભાયાણી )

૧૧. ડૉ.કે.બી.વ્યાસના મતે 'વસંતવિલાસ'ની ભાષાનું સામ્ય કઈ કૃતિ સાથે છે?
( અ. નળાખ્યાન બ. અખેગીતા ક. પૃથ્વીચંદ્ર ચરિત્ર ડ. વસંતવિજય )

૧૨. કયા લિપિકારે પોતાની પ્રતમાં 'વસંતવિલાસ'ની લેખન સંવત ૧૫૦૮ આપી છે ?
( અ. આચાર્ય રત્નાકર બ. ધનદેવ ક. સોમસુંદર સૂરિ ડ. હેમચંદ્રાચાર્ય )